કહિ કિમ હીરાગર તુલઇ, જગિ લવણાગર હોઈ. ૧

અંત – વસ્તુ

જય મુણિવર જય મુણિવર પંચ આચાર
પાલઇ પચિંદિયદમણુ પંચબાણ-ભડ-માણગંજણુ
શુદ્ધ જિનાગમ પન્નવઈ ભવિય-લોય-ભવભીડભંજણુ
સાધુરયણ તારણતરણુ તે સમરઉં નિસિદીસ
શ્રી પાસચંદ ઇમ વીનવઇ, તસુ પય નામઉં સીસ. ૧૦૧

(૧) પ.સં. ૭–૧૧, લે. વ. ભં. દા.૩ નં.૧૨. (૨) પ. ક્ર.૨૮થી ૫૦, લે. વ. ભં. દા.૬ નં.૪. (૩) પ.સં. ૫–૧૩, લે. વ. ભં. દા.૧૧ નં. ૬૯. (૪) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨, ૪૧૮, ૪૫૧, ૪૬૭).]

**(૪૧૬) સંગરંગ પ્રબંધ ૧૨૮ કડી**

આદિ – ધમ્મ સવણાણુરત્તા, સઉજ્જમા ધમ્મ કમ્મ કરણંમિ
કય ધમ્મિય સાહિજ્જા. જયંતુ ભવ્વાય સપ્પુરિસા. ૧

ચઉપઈ

પ્રણમિય સાધુરયણ ગુરૂપાય, ધર્મલાભનઉ કહિસુ ઉપાય,
ભવિયણ ધર્મનેહ સંભરી, સંભલિજ્યો મનિ આદર કરી. ૨
દસ દષ્ટંતિઈ ધર્મ દુર્લભ, ધર્મ જાણિ સિવઘરિ દૃઢ થંભ,
ધમ્મ સમાણુ નહી ઉપગાર, ધમ્મ જીવનઈ તારણહાર. ૩

અંત – સાધુસંગિ જગિ જસુ વિસ્તરઇ, સાધુસંગિ મનવંછિત ફલઇ
સાધુસંગિ નય વિનય વિવેક, સાધુસંગિ ગુણ થાઇ અનેક. ૧૨૬
આગઇ ઉત્તમ હુઆ અનંત, અવર હુસ્યઇ બહુલા ગુણવંત,
વિજયવંત વરતઇ ઇણિ કાલિ, તે સંગતિફલ લ્યઉ સંભાલિ. ૧૨૭
ઇણિ પરિ દુષ્ટ સંગ પરિહરઉ, સાધુસંગિ મનિ આદર કરઉ
જિમ મનવંછિત સુહફલ હવઇ, હરષઈ શ્રી પાસચંદ વીનવઇ. ૧૨૮
સંગરંગ પરિસ્કારઃ, કવિભિઃ પરિગુંફિતઃ,
અલંકરોતિ યત્કંઠં સત્સમાજે સ શોભતે. ૧૨૯

(૧) પ.સં. ૨–૨૫, યશોવૃદ્ધિ. પોથી નં. ૬. (૨) પ.સં. ૮–૧૨, લે. વ. ભં. દા.૩ નં.૯. (૨) પ.સં. ૭–૧૪, લે. વ. ભં. દા.૩ નં.૨૪. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧. (પૃ.૪૬૮).]

**(૪૧૭) સ્થાપના દ્વિપંચાશિકા** અથવા **જિનપ્રતિમા સ્થાપના**